દર મહિને પ્રગટ થતું
ગુજરાતી વિશ્વકોશનું સંપર્કપત્ર

# વિશ્વવિહાર

વર્ષ : 13 * અંક : 11 * ઑગસ્ટ 2011 * કિં. રૂ. 5




બહોળું સાહિત્યિક સર્જન કરનાર
શ્રી સુમતિબહેન મહેતાના પુણ્ય-શતાબ્દી પર્વે દસ પુસ્તકોનું
(સુમતિ-સર્જન ગ્રંથાવલિ : ભાગ ૧થી ૪)
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશન



શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી
અંતર્ગત વક્તવ્ય આપતાં શ્રી જ્યોતિબહેન થાનકી



સ્વાસ્થ્ય-યોગશ્રેણી અન્વયે વક્તવ્ય
આપતા ડૉ. શિલીન શુક્લ



ઉમાશંકર જોશી : પ્રતિભાપર્વ પ્રસંગે પ્રકાશિત 'સંસ્કૃતિ-સૂચિ'ના વિમોચન સમયે
શ્રી હિના શુક્લ, કુમારપાળ દેસાઈ, શેખર સેન, ચંદ્રકાન્ત શેઠ અને અમર ભટ્ટ


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી
સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી
ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૫/-, વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.



[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# જન લોકપાલ ખરડાના પ્રશ્નાર્થો

ભ્રષ્ટાચાર સાર્વત્રિક વાસ્તવિકતા છે. દુનિયાના વિવિધ દેશોએ ભ્રષ્ટાચારને નાથવા માટે વિવિધ તોર-તરીકા ઊભા કર્યા છે તેમાંનો વ્યાપક સ્વીકૃતિ પામેલો તરીકો 'લોકપાલ' નામની સંસ્થાની રચનાનો છે. આ અંગેની પહેલ કરનાર દેશ સ્વીડન હતો. સ્વીડને ૧૮૦૯માં સૌપ્રથમ 'લોકપાલ' સંસ્થાની રચના કરેલી જેને તેણે 'ઑમ્બુડ્ઝમૅન' નામથી ઓળખાવેલી. મુખ્યત્વે રાજ્યતંત્ર, વહીવટીતંત્ર અને જાહેર વહીવટી વ્યવસ્થા અંગે થતી લોક-ફરિયાદોનું નિવારણ કરવાનું કાર્ય ઑમ્બુડ્ઝમૅન કરે છે. તે લોકશાહી ઢાંચો ધરાવતી સંસ્થા છે જેમાં ફરિયાદ, તપાસ, પુરાવાઓ અને અંતે નિર્ણય ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરાય છે. તે વ્યક્તિના અધિકારોનું રક્ષણ કરવા સાથે વહીવટીતંત્ર પર દેખરેખ રાખવાનું કાર્ય કરે છે. તેની સમક્ષ આવતી ફરિયાદના આધારે પહેલ કરી તે તપાસનો આરંભ કરે છે. તપાસનું સંચાલન ઔપચારિક તેમજ અનૌપચારિક – એમ બંને રીતે કરે છે.

સ્વીડન પછી ફિનલૅન્ડ, ડેન્માર્ક, નૉર્વે જેવા દેશોમાં આ સંસ્થાઓનો આરંભ થયો હતો. જાણીને નવાઈ લાગે છતાં હકીકત છે કે બ્રિટનમાં પણ વહીવટીતંત્ર વિરુદ્ધ ભ્રષ્ટાચારની ફરિયાદો થાય છે અને તે અંગેની કાર્યવહી હાથ ધરવા 'સંસદીય કમિશનર'નો હોદ્દો ત્યાં ઊભો કરાયો છે જેનું સ્વરૂપ 'લોકપાલ' જેવું છે. લોક-ફરિયાદોનું નિવારણ કરવા માટે લગભગ ૪૦ થી પણ વધુ દેશોમાં 'ઑમ્બુડ્ઝમૅન' જેવી સંસ્થાઓ કામ કરે છે.

આ અંગેનો ભારતીય સંદર્ભ તપાસીએ તો સ્પષ્ટ છે કે સ્વતંત્રતાના પહેલા દસકા બાદ ભ્રષ્ટાચારની ફરિયાદો ઊઠી ત્યારે કેન્દ્ર સરકારે ૧૯૬૨માં સંથનમના અધ્યક્ષપણા હેઠળ ભ્રષ્ટાચારની રોકથામ માટે સમિતિ નીમી હતી. આ સમિતિની ભલામણોના આધારે ૧૯૬૪માં કેન્દ્રીય તકેદારી પંચની રચના કરવામાં આવી, જેના વડા તરીકે કેન્દ્રીય તકેદારી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપ્રમુખ કરે છે. પંચની રચના વહીવટી ઠરાવ દ્વારા થાય છે અને તે બિનકાનૂની (non-statutory) સંસ્થા છે. આ સંદર્ભે કેન્દ્ર સરકારનાં વિવિધ મંત્રાલયોમાં તકેદારી અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. રાજ્યોમાં અને જિલ્લા કક્ષાએ પણ વિવિધ સ્વરૂપનાં તકેદારી સંગઠનો કામ કરે છે. આમ ભ્રષ્ટાચારની ફરિયાદોના નિવારણ અર્થે તકેદારી પંચ અસ્તિત્વમાં છે જ તે નોંધનીય બાબત છે.

તકેદારી પંચો છતાં દિનપ્રતિદિન ભ્રષ્ટાચાર, ગેરરીતિ, લાગવગ, સગાવાદની

ફરિયાદો લગભગ યથાવત્ રહેતાં આ અંગે વધુ વિચાર અને કાર્યની આવશ્યકતા ઊભી થઈ. જેનો ઉકેલ લોકપાલની રચનામાં સરકારને દેખાયો હતો. ૧૯૬૩માં કાનૂન મંત્રાલયની બજેટ-ફાળવણીની દરખાસ્તોની ચર્ચા સમયે સંસદમાં પ્રથમ વાર 'લોકપાલ'નો વિચાર રજૂઆત પામ્યો. ૧૯૬૬માં રચાયેલા વહીવટી સુધારણા પંચે ''નાગરિકોની ફરિયાદોના નિવારણની સમસ્યા''ને અગ્રિમતા આપી એક વચગાળાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો જેમાં આ પંચે 'ઑમ્બડ્ઝમૅન' મૉડલની 'લોકપાલ' જેવી સંસ્થા કેન્દ્ર સરકારના પ્રશ્નોના ઉકેલ માટે અને 'લોકાયુક્ત'ની રચના રાજ્ય સરકાર અંગેના પ્રશ્નો માટે સૂચવી હતી. આ સંસ્થાઓનાં લક્ષણો સ્પષ્ટ કરતાં પંચે જણાવેલું કે તે (૧) મુખ્યત્વે નિષ્પક્ષ અને તટસ્થ હોય. (૨) તેની તપાસ અને કાર્યવહી ગુપ્ત રહે. (૩) તે અંગેની તપાસ અને નિમણૂક બિનરાજકીય ધોરણે થાય. (૪) તેમનું સ્થાન દેશના સર્વોચ્ચ અદાલતી અધિકારીઓની સમકક્ષનું હોય. (૫) અન્યાય, ભ્રષ્ટાચાર, પક્ષપાત સંબંધી બાબતો તેના અધિકાર ક્ષેત્રમાં સમાવિષ્ટ હોય. (૬) તે અદાલતી હસ્તક્ષેપથી મુક્ત હોય. (૭) તેણે સરકારી કારોબારી તરફથી કોઈ પણ પ્રકારની સુવિધા કે આર્થિક લાભની આશા ન રાખવી.



અન્ના હઝારે

આ વહીવટી સુધારણા પંચની ભલામણોને આધારે કેન્દ્ર સરકારે લોકપાલની સ્થાપના માટે ઘણા પ્રયત્નો કર્યા. ૧૯૬૮, ૧૯૭૧, ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૦માં ભારત સરકારે આ અંગેના ખરડા રજૂ કર્યા. ૧૯૭૭નો ખરડો વડાપ્રધાન અને સાંસદોને પણ લોકપાલના કાર્યક્ષેત્રમાં આવરી લેતો હતો. જોકે ૧૯૮૫ના ખરડામાં વડાપ્રધાનને લોકપાલના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. કમભાગ્યે આ ખરડાઓને સંસદની મંજૂરી મળી નહીં. તે પછી ૨૦૦૨માં બંધારણ સમીક્ષા પંચે એમ. એન. વેંકટચેલૈયાના અધ્યક્ષપણા હેઠળ લોકપાલ/લોકાયુક્તની ભલામણ કરી. ૨૦૦૫માં બીજા વહીવટી સુધારણા પંચના અધ્યક્ષ વીરપ્પા મોઈલીએ કોઈ પણ ઢીલ વગર લોકપાલની રચનાની ભલામણ કરી.

યુપીએ સરકારની બીજી મુદત દરમિયાન ભ્રષ્ટાચારના કિસ્સાઓ માઝા મૂકે તેટલી હદે વકરતાં અન્ના હઝારેએ ૫ એપ્રિલ, ૨૦૧૧થી આ મુદ્દે અનશનનો આરંભ કર્યો. વડાપ્રધાન મનમોહન સિંહ અને યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આ અંગે

**(અનુસંધાન દસમા પાને)**

# તાતાનું તરતું સૌરવિદ્યુત-ઊર્જામથક

તાતા પાવર નામની કંપનીએ ભારતનું પ્રથમ પાણી પર તરતું સૌરવિદ્યુત-મથક બાંધવાની યોજના બનાવી છે. તે આ વિદ્યુત-મથક મહારાષ્ટ્રમાં લોનાવાલા નજીક વાલવન તળાવ પર સ્થાપિત કરવા માંગે છે. ત્યાં તાતા પાવરનું જળવિદ્યુત-મથક તો કાર્યરત છે. અહીં પ્રશ્ન થાય કે પાણીની સપાટી પર સૌરવિદ્યુત-ઊર્જામથક સ્થાપવાથી શું ફાયદો થાય તેમ છે ?

સૌર-ઊર્જા તો પૃથ્વીને અખૂટ મળે છે. પૃથ્વી પર આયાત થતી સૌર-ઊર્જા પૈકી માત્ર ૪૦ મિનિટમાં આયાત થતી ઊર્જા સમગ્ર દુનિયાના એક વર્ષના ઊર્જા-વપરાશ જેટલી હોય છે. સૂર્ય તો સૌર-ઊર્જા પૃથ્વીને વિના મૂલ્યે આપતો આવ્યો છે; પરંતુ સૌરવિદ્યુત-ઊર્જા ઘણી મોંઘી પડે છે. કારણ કે સૌર-ઊર્જાનું વિદ્યુત-ઊર્જામાં રૂપાંતર કરવાની કાર્યક્ષમતા ઘણી ઓછી છે. સૌર-ઊર્જાનું વિદ્યુત-ઊર્જામાં રૂપાંતર કરવા માટે મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ છે :

એક પદ્ધતિ 'ફોટો વૉલ્ટેક સેલ'ની પદ્ધતિ છે તે એક નાનકડી વર્તુળાકાર ચકતી જેવી પ્રયુક્તિ છે. તે ટ્રાન્ઝિસ્ટરની જેમ અર્ધવાહક (સેમિ કન્ડક્ટર) છે. આપણે જાણીએ છીએ કે ધાતુઓ જેવા પદાર્થોમાંથી વિદ્યુત-પ્રવાહ સહેલાઈથી વહે છે. તે પદાર્થોને સુવાહકો કહે છે. જ્યારે લાકડા, રબ્બર જેવા પદાર્થોમાંથી વિદ્યુત-પ્રવાહ વહેતો નથી. તેવા પદાર્થોને અવાહકો કહે છે. તે બન્ને વચ્ચે જેની વાહકતા હોય તેવા સિલિકોન, જર્મેનિયમ, ગેલિયમ જેવા પદાર્થો અર્ધવાહકો (સેમિ કન્ડક્ટર) કહેવાય છે. ફોટો વૉલ્ટેક સેલ (પીવીસી) કહે છે તે તેની પ્રયુક્તિ છે. તેના પર સૂર્યપ્રકાશ આપાત થતાં તે તેનું વિદ્યુતમાં રૂપાંતર કરે છે. આવા ફોટો વૉલ્ટેક સેલને શ્રેણીમાં જોડી પૅનલ બનાવવામાં આવે છે. આવી અનેક પૅનલોને મોટા વિસ્તાર પર પાથરી સૌરવિદ્યુત-ઊર્જામથકમાં વિદ્યુત ઉત્પન્ન કરવામાં આવે છે. તે માટે ઘણો મોટા વિસ્તાર જોઈએ અને આ માટે મોટા વિસ્તારવાળી જમીન જોઈએ. આટલી બિનઉપયોગી જમીનો મેળવવી માથાનો દુઃખાવો બને છે. સૌરવિદ્યુત-ઊર્જામથકની પૅનલો પર સૂર્યપ્રકાશ મોટા પ્રમાણમાં બારેમાસ પડવો જોઈએ. તેને 'ફોટો વૉલ્ટેક ફાર્મ' કહે છે. અમેરિકા ૨૦૫૦ સુધીમાં પોતાના દક્ષિણપૂર્વ વિસ્તારમાં ૩૦,૦૦૦ ચોરસ માઈલ વેરાન જમીન પર ફોટો વૉલ્ટેક ફાર્મ સ્થાપિત કરવા માંગે છે.

આ ઉપરાંત બીજી પદ્ધતિ દાબિત હવામાંથી વિદ્યુત-ઊર્જા મેળવવા માટે સંગ્રહની પદ્ધતિ છે. તેને અંગ્રેજીમાં 'કૉમ્પ્રેસ્ડ ઍર એનર્જી સ્ટોરેજ' કહે છે. ઉપર્યુક્ત ફોટો વૉલ્ટેક

સેલની પદ્ધતિની મોટી ખામી એ છે કે આકાશ વાદળછાયું હોય ત્યારે કે રાત્રી દરમિયાન સૌર-ઊર્જા મળતી નથી. આથી સૂર્ય બરાબર તપતો હોય ત્યારે વધારાની 'ઊર્જા દાબિત હવાની પદ્ધતિ'થી સંગ્રહ કરવાની પદ્ધતિ પણ છે. ત્રીજી પદ્ધતિ સાન્દ્રિત સૌર-ઊર્જાની પદ્ધતિ છે. અંગ્રેજીમાં તેને કૉન્સન્ટ્રેટેડ સોલર પાવર કહે છે. આ બન્ને પદ્ધતિઓ વિશે અત્રે વિવરણ કરવું નથી.

જળરાશિ પર તરતા સૌરવિદ્યુત-ઊર્જામથક વિશે જાણવાનું છે. તેમાં પણ 'ફોટો વૉલ્ટેક સેલ'નો ઉપયોગ છે.

ગયા માર્ચ ૨૦૧૧મા તરતાં સૌરવિદ્યુત-ઊર્જામથકની પ્રાયોગિક પરિયોજના શરૂ કરવામાં આવી છે. તેમાં માત્ર ૧૩.૫ કિલોવૉટ વિદ્યુત-ઊર્જા મેળવવાની નેમ છે. તેનાં તારણોનું મૂલ્યાંકન ડિસેમ્બરમાં થનાર છે. જો હકારાત્મક પરિણામ મળશે તો ૪૦૦ મેગાવૉટ વિદ્યુત-ઊર્જા ઉત્પન્ન કરે તેવું વિદ્યુત-ઊર્જામથક સ્થાપવાની યોજના છે. તે કંપની ૨૪,૦૦૦ એકર વિસ્તારની પાણીની સપાટીનો ઉપયોગ કરી શકે તેમ છે. આજની ગણતરી પ્રમાણે એક મેગાવૉટ સૌર-વિદ્યુત ઉત્પન્ન કરવા છ એકર પાણીની સપાટી ધરાવતું જળાશય જોઈએ. તેમ ૨૪,૦૦૦ એકર પાણીની સપાટી કંપનીને ઉપલબ્ધ હોવાથી તે ૪૦૦૦ મેગાવૉટ સોલર વિદ્યુત-ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.

આ વિભાવના સન એનર્જી નામની ઑસ્ટ્રેલિયાની સૌરવિદ્યુત-ઊર્જાની કંપનીની છે. તાતા પાવરે તેની સાથે ભાગીદારીમાં એક અજમાયશી સૌરવિદ્યુત-ઊર્જામથક બાંધવાનું નક્કી કરેલ છે. તે મુજબ પ્રવાહી પાણી પર તરતી સૌર હારમાળા પ્રૌદ્યોગિકીનો ભારતમાં આ વર્ષના અંત સુધીમાં ઉપયોગ થવા લાગશે. ઑસ્ટ્રેલિયાની સરકાર આ પરિયોજનાને ટેકો આપી રહી છે. તાતા પાવરે નાણાકીય રોકાણના ભાગ પેટે ત્રણ કરોડ રૂપિયા રોક્યા છે.

આ પદ્ધતિમાં પાણીની સપાટી પર પાતળી ફોટો વૉલ્ટેક ફિલ્મ તરશે અને સૌરવિદ્યુત-ઊર્જા તે ફિલ્મમાં વહેશે.

પરંપરાગત ફોટો વૉલ્ટેક સેલની સોલર પાવર પૅનલ અથવા તો ફોટો વૉલ્ટેક ફિલ્મનો સૌથી વધારે કીમતી ભાગ હોય તો તે સિલિકોન ચિપ છે. તેથી પ્રશ્ન એ થાય કે ફોટો વૉલ્ટેક સેલનું માપ ઘટાડીને એટલે કે નાની ફોટો વૉલ્ટેક સેલ બનાવીને તેની કિંમત ઘટાડી ન શકાય ? પરંતુ સવાલ એ છે કે તેમ કરતાં તેના દ્વારા ઝિલાતી સૌર-ઊર્જા ઘટી ન જાય ? તેમ ન થાય તે માટે સંશોધક વિજ્ઞાનીઓએ 'સાપ મરે પણ લાકડી ભાંગે નહીં' તેવી રીત શોધી છે. સંશોધન-વિજ્ઞાનીઓ ઘટેલા માપની ફોટો વૉલ્ટેક સેલની ફિલ્મ પર એક લેન્સ(દગ્કાચ)ની મદદથી અગાઉ જેટલી જ ઊર્જા સોમા ભાગના ક્ષેત્રફળ

પર કેન્દ્રિત કરે છે. આમ ફોટો વૉલ્ટેક સેલનું માપ ઘટ્યું હોવા છતાં તેના પર આપાત થતી સૌર-ઊર્જા તેટલી ને તેટલી જ રહે છે; પરંતુ આમાં એક સમસ્યા સર્જાય છે. પરંપરાગત સોલર પૅનલો તેના પર આયાત થતી સૌર-ઊર્જાના કારણે ગરમ થવાથી તેનું તાપમાન ૩૦ થી ૪૦૦ અંશ સેલ્સિયસ થાય છે જ્યારે સૂર્યનાં સાન્દ્રિત કિરણો તેને ૧૦૦૦ અંશથી પણ વધારે તાપમાન સુધી ગરમ કરે છે. તેથી અત્રે નવી ફિલ્મમાં શીતન અનિવાર્ય છે. તે માટે પરંપરાગત શીતન-પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે તો તે ઘણી ખર્ચાળ નીવડે. તેથી તેના નિવારણ માટે સંશોધન-વિજ્ઞાનીઓએ જે કર્યું તે ઘણું સરળ છે. તેમણે સોલર ફિલ્મનો નાનો ભાગ નાનકડા પાત્રમાં ભરેલા પાણીની સપાટી પર મૂક્યો. તેના પર સૂર્યપ્રકાશ કેન્દ્રિત કરવામાં આવ્યો; પરંતુ આશ્ચર્યજનક રીતે ફિલ્મ અતિ ઉષ્ણ ન થઈ. તેનું તાપમાન બહુ વધ્યું નહીં.

બીજી યુક્તિ સંશોધન-વિજ્ઞાનીઓએ એ અજમાવી કે જેટલા બને તેટલા વધારે કલાકો સૌર-ઊર્જાને કબજે કરી રાખે. તેથી સંશોધન-વિજ્ઞાનીઓએ એવી યંત્રપ્રયુક્તિ તૈયાર કરી કે જે સૂર્યનાં કિરણોને દિવસ દરમિયાન પકડી રાખે. જેથી તે ઓછામાં ઓછા બાર કલાક તો સૌર-ઊર્જાનું પગરણ કરી શકે.

આ બધાંને કારણે સૌરવિદ્યુત-ઊર્જાની કિંમત ૩૦ થી ૫૦ ટકા ઘટી જશે. પરંપરાગત સૌરવિદ્યુત-ઊર્જાની કિંમત એક યુનિટ દીઠ (એક કિલોવૉટ અવર દીઠ) રૂ. ૧૫ થાય છે. (અલબત્ત તે પણ ઘટીને રૂ. ૧૩ થઈ છે.) ઉપર્યુક્ત નવી પ્રૌદ્યોગિકી તે કિંમત ઘટાડીને રૂ. ૮ કે તેથી પણ ઓછી કરવામાં મદદરૂપ થશે.

આ પદ્ધતિમાં સોલર ફિલ્મને પાણી પર તરતી રાખવાના કારણે અગાઉની જેમ સોલર પૅનલોને જોરદાર પવનોથી બચાવવા ખર્ચાળ માળખાં ઊભાં કરવાં પડે છે તે નહીં કરવાં પડે. વળી અહીંયાં પાણી જ ફોટો વૉલ્ટેક સેલને ઠંડા રાખે છે.

બીજો ફાયદો એ કે પરંપરાગત સોલર પાવર પૅનલોને વિદ્યુત-મથકમાં ગોઠવવા ઘણી જમીન જોઈએ છે તેની અહીંયાં જરૂર પડતી નથી.

ત્રીજું, પાણીની સપાટી પર સોલર ફિલ્મનું આવરણ આવી જતાં બાષ્પીભવન ઓછું થાય છે એ રીતે જળસંચય થાય છે.

વળી આ કિસ્સામાં તે સ્થળે જ તાતા પાવરનું જળવિદ્યુત-મથક આવેલ છે તેથી મોટા ભાગની માળખાગત સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ જ છે.

ગુજરાતમાં નર્મદા બંધ અને ઉકાઈ બંધનાં જળાશયોનો ઉપયોગ આ રીતે સૌરવિદ્યુત-ઊર્જા ઉત્પન્ન કરવા થઈ શકે કે નહીં તેનો અભ્યાસ કરવા જેવો છે.

**– વિહારી છાયા**

# ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ

ભારતે તેની રાષ્ટ્રવાદી ચળવળની શરૂઆતમાં ગુપ્ત હિંસક ચળવળના તબક્કામાંથી પસાર થવું પડ્યું હતું, અને આખરે અહિંસક ચળવળ દ્વારા ભારતે સ્વતંત્રતા મેળવી હતી. ગુજરાતમાં કઠલાલના મોહનલાલ કામેશ્વર પંડ્યા, સોજિત્રાના નરસિંહભાઈ પટેલ, ભરૂચના છોટુભાઈ પુરાણી તથા બંગાળમાં અરુણચન્દ્ર ગુહા અને ભૂપેન્દ્રકુમાર દત્ત જેવા દેશભક્તોએ આરંભમાં ક્રાંતિકારી ચળવળમાં ભાગ લીધો હતો અને છેવટે ગાંધીજીના નેતૃત્વ હેઠળની લોકક્રાંતિમાં જોડાયા હતા. તેઓ અહિંસક ચળવળમાં જોડાયા ત્યારે પણ એવું માનતા હતા કે લોકોમાં ચેતના જગાડવા માટે પ્રાથમિક તબક્કાની ગુપ્ત ક્રાંતિકારી ચળવળ જરૂરી હતી. શક્તિશાળી પરદેશી સામ્રાજ્યવાદી સત્તાના જુલમોનો પ્રતિકાર કરવા તથા લોકોને તેમની ચેતના જાગ્રત કરવા જોરદાર આઘાતો આપવાની જરૂર હતી.

બંગભંગની ચળવળ ૧૯૦૫માં શરૂ થઈ. તેમાં સરકારની દમનનીતિના પરિણામે કેટલાક દેશભક્તો ક્રાંતિકારી બન્યા. તેઓમાંના અરવિંદ ઘોષ ૧૮૯૨થી ૧૯૦૬ સુધી બરોડા કૉલેજમાં પ્રોફેસર હતા. તે પછી કેશવરાવ દેશપાંડે વડોદરા રાજ્યની નોકરીમાં જોડાયા અને અરવિંદ ઘોષના મિત્ર બન્યા. દેશપાંડેએ નર્મદા નદીના કિનારે, ચાંદોદ પાસે મે ૧૯૦૭માં ગંગનાથ વિદ્યાલય શરૂ કર્યું. તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણને અનુરૂપ માતૃભાષામાં શારીરિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવાનો હતો. એના શિક્ષકોમાંના ઘણાખરા ક્રાંતિકારી વલણ ધરાવતા હતા. તેમાંના કેટલાકનો નાસિકની અભિનવ ભારત સોસાયટી સાથે સંબંધ હતો. બ્રિટિશ સરકારે શંકાના આધારે આ વિદ્યાલય ૧૯૧૧માં બંધ કરાવ્યું.

અરવિંદ ઘોષની રાષ્ટ્રભક્તિથી ગુજરાતના કેટલાક યુવકો પ્રભાવિત થયા હતા. તેઓમાં નરસિંહભાઈ પટેલ, મોહનલાલ પંડ્યા (ડુંગળીચોર), છોટુભાઈ પુરાણી, અંબુભાઈ પુરાણી, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે મુખ્ય હતા. તે પછી આ પ્રવૃત્તિમાં નડિયાદના ફૂલચંદ બાપુજી શાહ અને માધવલાલ નભુભાઈ દ્વિવેદી પણ જોડાયા હતા.

અમદાવાદમાં વસતા બંગાળીઓના નેતા લલિતમોહન ઘોષે 'મુક્તિ કૌન પથે' નામની પુસ્તિકા કૃપાશંકર પંડિતને આપી. તેમણે તે પુસ્તિકા સોજિત્રાના નરસિંહભાઈને અનુવાદ કરવા આપી. નરસિંહભાઈએ તેનો ગુજરાતીમાં અનુવાદ કરી 'વનસ્પતિ દવાઓ', 'યદુકુળનો ઇતિહાસ', 'નાહવાના સાબુ' વગેરે ગેરમાર્ગે દોરે એવાં નામથી છપાવી. તેમાં બૉમ્બ બનાવવાની રીતો, ગેરીલા યુદ્ધપદ્ધતિની રીતો જણાવી અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવા જણાવવામાં આવ્યું હતું. આ પુસ્તિકાનો ગુજરાતમાં વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો.

ધીમે ધીમે ગુજરાતમાં ક્રાંતિકારો વધતા ગયા. તેમાં ચરોતરના બેચરદાસ પંડિત,

વીરસદના ચતુરભાઈ અમીન, અમદાવાદના કૃપાશંકર પંડિત, કઠલાલના વકીલ પૂંજાભાઈ સોમેશ્વર ભટ્ટ, ચીનુભાઈ ભુલાભાઈ વ્યાસ, વડથલના વસંતરાય વ્યાસ અને વડોદરાના વેલચંદ છગનલાલ બૅંકર પણ જોડાયા હતા. નવસારી ગાયકવાડી સત્તામાં હોવાથી ત્યાં ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવી શકાતી હતી. મહેમદાવાદના જેઠાલાલ, ભરૂચના ગુલાબચંદ તથા ડાહ્યાભાઈ લલ્લુભાઈ જેવા દેશભક્તો આ ક્રાંતિકારી પ્રવૃત્તિથી આકર્ષાયા હતા.

ગુજરાતમાં ચાલતી ક્રાંતિકારી પ્રવૃત્તિ, ૧૩મી નવેમ્બર, ૧૯૦૯ના રોજ વાઇસરૉય લૉર્ડ મિન્ટો અને લેડી મિન્ટો પર અમદાવાદમાં બૉમ્બ નાખવામાં આવ્યા ત્યારે જાહેર થઈ. રેલવે સ્ટેશને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્ટેશનથી નીકળીને આસ્ટોડિયા દરવાજા તરફ જઈ રહેલી તેમની સવારી રાયપુર દરવાજા બહારથી પસાર થતી હતી ત્યારે વાઇસરૉયની બગી ઉપર એક પછી એક બે બૉમ્બ ફેંકવામાં આવ્યા. તેનાથી લૉર્ડ કે લેડી મિન્ટોને ઈજા થઈ નહિ; પરંતુ પાછળથી થયેલા બૉમ્બના ધડાકાથી એક સફાઈ કામદાર મરણ પામ્યો. તેનું સ્મારક મહિપતરામ રૂપરામ અનાથાશ્રમની સામે હાલમાં મોજૂદ છે. બ્રિટિશ પોલીસ બૉમ્બ નાખનારને પકડી શકી નહોતી; પરંતુ જાણકારોના માનવા પ્રમાણે બૉમ્બ નાખનાર કઠલાલના મોહનલાલ કા. પંડ્યા તથા વકીલ પૂંજાભાઈ ભટ્ટ હતા. કઠલાલમાં પૂંજાભાઈના પૌત્ર સુમંત ભટ્ટ પાસે તત્કાલીન દસ્તાવેજો તથા દફતર પણ સાચવી રાખેલ છે.

નરસિંહભાઈ પટેલ અને મોહનલાલ પંડ્યાએ પ્રચારમાં મૂકેલ પુસ્તિકાઓનું બંડલ દક્ષિણ ગુજરાતમાંથી પોલીસને મળ્યું. તેમાં સંડોવાયેલા ત્રીજા ક્રાંતિકારી પૂંજાભાઈ ભટ્ટ બ્રિટિશ પ્રજાજન હતા. પૂંજાભાઈ ભટ્ટ ઉપર મુંબઈમાં કેસ ચલાવવામાં આવ્યો; પરંતુ નરસિંહભાઈએ આપેલ ખોટી જુબાનીને આધારે તેઓ નિર્દોષ છૂટ્યા. પૂંજાભાઈ ૧૯૨૭ સુધી વકીલાત કર્યા બાદ સંન્યાસી બની ગયા. અને પૂર્ણાનંદ સ્વામી તરીકે મોટી ઉંમરે વારાણસીમાં અવસાન પામ્યા. નરસિંહભાઈ પર વડોદરામાં કેસ ચાલ્યો, પણ બૅરિસ્ટર વિઠ્ઠલભાઈ પટેલે તેમને નિર્દોષ છોડાવ્યા. કેશવરાવ દેશપાંડે અને મોહનલાલ પંડ્યાને વડોદરા રાજ્યની નોકરીમાંથી રાજીનામું આપવા ફરજ પાડવામાં આવી. મહારાજા સયાજીરાવ પોતે પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા અને બ્રિટિશ વર્તુળોમાં તેમના ગાદીત્યાગની માગણી થવા લાગી. ઉપર્યુક્ત પુસ્તિકા છપાઈ હતી તે મહેસાણાનું શિક્ષણ પ્રેસ વડોદરાની સરકારે જપ્ત કર્યું અને નરસિંહભાઈને પાંચ વર્ષ માટે વડોદરા રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રતિબંધ ફરમાવ્યો. બ્રિટિશ અદાલતમાં ખોટી જુબાની આપવાના કેસમાંથી બચવા નરસિંહભાઈ પૂર્વ આફ્રિકા નાસી ગયા. મોહનલાલ પંડ્યા અને નરસિંહભાઈ બંને થોડાં વર્ષ બાદ – ૧૯૧૭ પછી, ગાંધીજીના અનુયાયી બન્યા અને સત્યાગ્રહોમાં ભાગ લીધો.

**– જયકુમાર ર. શુક્લ**

# ભારતનાં મર્મસ્પર્શી કારાગૃહો

ભારતના જનજીવનનાં કેટલાંક ક્ષેત્રો એવાં છે જેની દયાજનક પરિસ્થિતિને કારણે સંવેદનશીલ માણસોનાં દિલ પીગળી ઊઠે છે. આવાં કરુણાજનક ક્ષેત્રોમાં ભારતનાં કારાગૃહોનો પણ સમાવેશ થાય છે. ભારતનાં કારાગૃહોમાં ગોંધી રાખેલા કુલ કેદીઓમાં ૩.૫ ટકા મહિલા કેદીઓનો પણ સમાવેશ થાય છે. જેમની જેલજીવનની કથની કમકમાટી ઉપજાવે તેવી છે. તેમાંની કેટલીક મહિલા કેદીઓ એવી પણ છે જેમને કોઈ ગુનાઇત કૃત્ય માટે નહિ; પરંતુ 'અન્ય' કારણોસર લાંબા સમય સુધી સળિયા પાછળ ધકેલી દેવામાં આવી હોય છે. જેલમાં જવું એ આપણા સમાજમાં અને ખાસ કરીને મહિલાઓ માટે કલંક ગણાય છે. તાજેતરમાં એક લોકપ્રિય અંગ્રેજી સાપ્તાહિકે આપેલ માહિતી અનુસાર જેલમાં ધકેલી દેવામાં આવેલા ત્રણ લાખ લોકોમાંથી સિત્તેર ટકા કેદીઓ એવા હોય છે જેમને ગુનેગાર હોવાનો ચુકાદો પણ આપવામાં આવેલો હોતો નથી અથવા તેમની સામે નિર્ધારિત સમયમાં આરોપપત્ર પણ દાખલ થયેલું હોતું નથી. કાયદા દ્વારા નિર્ધારિત સમયમાં (ખૂન જેવા ગંભીર ગુનાઓમાં ૯૦ દિવસ અને બાકીના કિસ્સાઓમાં વધુમાં વધુ ૬૦ દિવસ) ન્યાયાલય સમક્ષ જે ગુનેગારોના કેસો રજૂ કરવામાં આવ્યા છે તેમાંથી માત્ર ૬.૫ ટકા ગુનેગારો સજાપાત્ર ઠરાવવામાં આવ્યા છે. ભારતની દરેક દસ લાખ વસ્તીદીઠ ન્યાયાધીશોની સરેરાશ સંખ્યા માત્ર ચૌદ જેટલી છે. લૉ કમિશનના ૭૮મા અહેવાલમાં જણાવ્યા મુજબ એપ્રિલ ૧૯૭૭માં ભારતની જેલોમાં ગોંધી રાખવામાં આવેલા કુલ ૧,૮૪,૧૬૯ કેદીઓમાંથી ૧,૦૧,૦૮૩ કેદીઓ 'અન્ડર ટ્રાયલ' હતા. કેટલીક વિશિષ્ટ જેલોમાં 'અન્ડર ટ્રાયલ' કેદીઓની ટકાવારી કલ્પી ન શકાય તેટલી ઊંચી હતી. દા.ત., સિકંદરાબાદની જેલમાં ૮૦ ટકા, સુરતની જેલમાં ૭૮ ટકા તથા આસામ, ત્રિપુરા અને મેઘાલયની જેલોમાં ૬૬ ટકા કેદીઓ તેમના કેસો ન્યાયાલયો સમક્ષ રજૂ થાય તેની રાહ જોતા હતા. દિલ્હીની કુખ્યાત તિહાર જેલમાં જેટલી મહિલા કેદીઓ ગોંધી રાખવામાં આવેલી તેમાંથી ૯૦ ટકા 'અન્ડર ટ્રાયલ' મહિલા કેદીઓ હતી.

ભારતની જેલોની ઊણપોનો વિચાર કરીએ તો તેમાં કેદીઓની ગીચતા (over-crowding) એ સર્વાધિક ધ્યાન ખેંચે તેવું દૂષણ છે. ૧૯૭૫માં ભારતમાં કટોકટી લાદવામાં આવી હતી જે ૧૯૭૭માં ઉઠાવી લેવામાં આવ્યા પછી 'શાહ પંચ' (જેના અધ્યક્ષ ન્યાયમૂર્તિ  જે. સી. શાહ હતા) તે નામનું જે પંચ કટોકટી દરમિયાન ઊભી થયેલ પરિસ્થિતિની તપાસ કરવા માટે નીમવામાં આવેલું, તે પંચનું એક સામાન્ય તારણ એ હતું કે કટોકટીના સમયગાળામાં દેશમાં કરવામાં આવેલી આડેધડ અને સારાસારભેદ

વિના જ કરવામાં આવેલી ધરપકડને કારણે દેશની જેલોમાં કેદીઓની ગીચતાની સમસ્યા વધુ તીવ્ર બની હતી. કેટલાક કિસ્સાઓમાં તો જેલની કેદીઓ રાખવાની ક્ષમતા (capacity) કરતાં ત્રણગણી વધારે ગીચતા થઈ હતી. ગીચતાની આ સર્વસામાન્ય સમસ્યાનો રાજ્યવાર વિચાર કરીએ તો આસામની



જેલોની ક્ષમતા ૪૯૩૦ કેદીઓની હોવા છતા તેમાં ૭૯૦૯ કેદીઓ, બિહારમાં ૨૧,૧૪૦ની ક્ષમતા સામે ૩૮,૪૦૭ કેદીઓ, મધ્યપ્રદેશમાં ૧,૬૬૬ની ક્ષમતા સામે ૧૨,૩૮૮ કેદીઓ, ઓરિસામાં ૬,૬૬૮ની ક્ષમતા સામે ૧૦,૨૨૨ કેદીઓ, મહારાષ્ટ્રમાં ૧૪,૮૦૧ની ક્ષમતા સામે ૧૯,૭૮૬ કેદીઓ, પશ્ચિમ બંગાળમાં ૨૦,૨૩૭ની ક્ષમતા સામે ૨૫,૯૯૯ કેદીઓ અને દિલ્હી રાજ્યમાં ૧૨૭૩ ક્ષમતા સામે ૨૬૯૯ કેદીઓ ગોંધી રાખવામાં આવતા હતા. ભારતીય જેલોમાં કેદીઓની ગીચતાને કારણે કેદીઓના અને કર્મચારીઓના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે. કેટલીક જેલોમાંના કેદીઓને વારાફરતી સૂવું પડે છે અથવા બેસીને સૂવાની ટેવ પાડવી પડે છે. કારણ કે તેમને રાત્રે સૂવા પૂરતી પણ જગ્યા મળતી નથી. કેદીઓની ગીચતાની આ સર્વસામાન્ય સમસ્યા કટોકટી દરમિયાન વધુ તીવ્ર બની હતી.

ભારતની મોટા ભાગની જેલોનાં મકાનો ૧૯મી સદીના અંતમાં અથવા ૨૦મી સદીની શરૂઆતનાં વર્ષોમાં બાંધવામાં આવ્યાં હતાં જે હવે જર્જરિત હાલતમાં છે. પરિણામે જેલોની સુરક્ષિતતાની સમસ્યા વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. આને પરિણામે જ તાજેતરનાં વર્ષો દરમિયાન જેલ તોડીને કેદીઓ નાસી જવાના બનાવો વધુ ને વધુ પ્રમાણમાં બનતા જાય છે. તે ઉપરાંત, ભારતીય જેલોમાં કામ કરતા કર્મચારીઓ સર્વસામાન્ય રીતે પ્રશિક્ષણ વિનાના, કામનો વધુ બોજો વહન કરનારા, સર્વસામાન્ય રીતે ઓછા પગારધોરણોમાં જીવનારા, બિનકાર્યક્ષમ અને તેથી અસંતુષ્ટ જીવન જીવતા હોય છે જેને લીધે જેલોમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ સતત વધી રહ્યું છે. થોડાક સમય પહેલાં અમદાવાદની સાબરમતી કેન્દ્રીય જેલમાં કેદીઓ પાસે મોબાઇલ ફોન, શસ્ત્રો, નશીલા પદાર્થોનો જથ્થો જેવી વસ્તુઓ પકડી પાડવામાં આવેલી. ભારતીય જેલોમાં પૂરી રાખવામાં આવેલા કેદીઓ પાકિસ્તાન જેવા વિદેશોના આતંકવાદીઓના સતત સંપર્કમાં હોય છે અને તેમાં જેલના કર્મચારીઓ પણ સંડોવાયેલા હોય છે, એવી હકીકતો બહાર

પડી છે. કેદીઓને પૂરો પાડવામાં આવતો ખોરાક અત્યંત કનિષ્ઠ દરજ્જાનો હોય છે જેને કારણે કેદીઓ અનેક રોગોના શિકાર બનતા હોય છે. સાથોસાથ બધા જ પ્રકારના કેદીઓ તેમના ઓરડાઓમાં ભેગા રાખવામાં આવતા હોવાથી તેમાંથી પણ કેટલાંક દૂષણો પેદા થતાં હોય છે.

મોટા ભાગના કેદીઓ ગરીબ વર્ગમાંથી આવતા હોવાથી તે પોતાના કાયદાકીય રક્ષણ માટે સારા વકીલોની સેવાઓ મેળવી શકતા નથી, તેમજ જામીન કે અન્ય પ્રકારની કાયદાકીય જોગવાઈનો લાભ લઈ શકતા નથી, જેને પરિણામે તેમને વજૂદ વગરના કારણસર સળિયા પાછળ ન છૂટકે લાંબા સમય સુધી રહેવું પડે છે અને જેને લીધે તેમની જિંદગી પાયમાલ થતી જાય છે.

ભારતની જેલો આજે પણ ૧૮૯૪ના તથા ૧૯૦૦ના પ્રિઝનર્સ કાયદાને અધીન છે, જેમાં પાયાના સુધારાવધારા કરવાની અથવા નવો કાયદો ઘડવાની તાતી જરૂર છે.

**– બી. એમ. મૂળે**

---

**(બીજા પાનાનું ચાલુ)**

ચર્ચાવિચારણા કરતાં આ આંદોલનને વ્યાપક રાજકીય પરિમાણ સાંપડ્યું. ૯ એપ્રિલે બંને પક્ષો વચ્ચેની વાટાઘાટોને અંતે ઔપચારિક નોટિફિકેશન દ્વારા નક્કી થયું કે લોકપાલ બિલ માટે એક જોઇન્ટ ડ્રાફટિંગ કમિટીની રચના કરવી. આ સંદર્ભમાં હઝારેએ આ આંદોલનના બચાવ સાથે સમિતિની કાર્યવહીનું વિડિયો રેકોર્ડિંગ કરવાની માંગ કરી.

૧૬ એપ્રિલથી ૧૫ જૂન દરમિયાનની સાતેક મિટિંગોમાં આ નવા આવનાર જન લોકપાલ બિલ અંગે વિવિધ વિચારણા હાથ ધરાઈ, જેમાં સરકાર અને હઝારેના સમર્થકો વચ્ચે બિલના ઘડતર અંગે મતભેદો ઊભા થયા. વ્યાપક સ્વરૂપના એ મતભેદોને કારણે ૬ જૂનના રોજ નાગરિક સોસાયટીના સભ્યોએ મિટિંગનો બહિષ્કાર કર્યો. આ અંગે કોઈ સર્વાનુમતિ ઊભી ન થતાં ખરડાનાં બે સ્વરૂપ રહેશે તેવી સ્પષ્ટતા સાથે તે બંને સ્વરૂપના ખરડા કૅબિનેટને મોકલવાનું જણાવવામાં આવ્યું. આ દરમિયાન નાગરિક સોસાયટીના સભ્યો અને સરકારના પ્રતિનિધિ સભ્યો વચ્ચે આક્ષેપો-પ્રતિઆક્ષેપો અને ભારે મતભેદો ઊભરી આવ્યા હતા. અંતે કેન્દ્ર સરકારે જણાવ્યું કે આ ખરડા અંગે તમામ રાજકીય પક્ષોની બેઠક બોલાવી ચર્ચા હાથ ધરાશે.

આમ વર્તમાન તબક્કે સૂચિત જન લોકપાલ બિલ આખરે કેવું સ્વરૂપ ધારણ કરશે તે માત્ર અટકળોનો વિષય બની રહ્યું છે. તેણે ઊભા કરેલા પ્રશ્નાર્થો અંગે નક્કર સ્વરૂપની આગાહી ન કરી શકાય તેટલી હદે તે અનિશ્ચિતતામાં અટવાઈ ગયું છે.

**– રક્ષા મ. વ્યાસ**

# મુકુરિત પ્રતિભાનો પરિસ્પંદ

એકવીસ વર્ષની અલ્પ વયે અવસાન પામેલાં અને જેમનો કવનકાળ માંડ ત્રણેક વર્ષનો જ રહ્યો છે એવાં કવયિત્રી સૌ. સુમતિની કવિતા વિશે કવિ નરસિંહરાવ દિવેટિયાએ લખ્યું છે કે –

'આ કાવ્યોમાં એક પક્ષે કવિતાનાં ગૌણ અંગોમાં ઊનતાઓ જણાય છે, તો બીજે પક્ષે ઉચ્ચ કલ્પનાશક્તિ જેવાં પ્રધાન અંગોમાં અસાધારણ સામર્થ્ય દૃષ્ટિગોચર થાય છે; તે એટલે સુધી કે... આ પ્રકૃતિની બાલિકાએ નૈસર્ગિક કલ્પનાશક્તિના ઉચ્ચ વાતાવરણમાં રહીને અનેક વાર ઈશ્વરદત્ત કવિત્વ-પ્રેરણાઓનાં અદ્‌ભુત પાન કર્યાં છે, અને તેનાં ફળ શુષ્ક કલાવિધાનની રચનાઓ કરતાં શતગુણ ચમત્કારવાળાં ગુર્જર પ્રજાને એ બાલિકા સમર્પી ગઈ છે.'

આવી નિસર્ગદત્ત પ્રતિભા ધરાવતાં સૌ. સુમતિનું જીવન અનેક કુઠારાઘાતોથી ભરેલું હતું. બહેન અને માતાનું અકાળે મૃત્યુ, શ્વાસની તકલીફ, પેટનો વ્યાધિ અને છેલ્લે ટી.બી.ની જીવલેણ બીમારી વગેરે આઘાતો અને પીડાથી એમનું જીવન ઘેરાયેલું હતું. ૧૯ વર્ષની વયે એમણે કાવ્યલેખનનો આરંભ કર્યો અને ૨૧મે વર્ષે એમનું અવસાન થયું. આટલા ઓછા સમયમાં એમણે એમની સર્જકતાનો જે હિસાબ આપ્યો છે તે વિરલ છે. ઉચ્ચ કલ્પનાશક્તિ ધરાવતાં આ કવયિત્રીની પ્રતિભા પૂર્ણ મુકુરિત બને તે પહેલાં જ મૂરઝાઈ ગઈ છે. આમ છતાં ત્રણેક વર્ષના અલ્પ કવનકાળમાં એમણે જે લેખન કર્યું છે એમાં એમની મુકુરિત પ્રતિભાનો પરિસ્પંદ જરૂર અનુભવાય છે. એમનું યોગદાન કવિતા, વાર્તા, નાટક, અનુવાદ વગેરે અનેકવિધ ક્ષેત્રોમાં રહ્યું છે. એમની પાસેથી 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૧, 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૨ અને 'હૃદય-ઝરણાં' – એ ત્રણ કાવ્યસંગ્રહો ઉપરાંત 'સુરેશ અને યશોધરા', 'શાન્તિદા', 'પરમાર્થની પ્રતિમા અથવા આત્મભોગની પરિસીમા' અને 'કમળકુમાર' – એ ચાર દીર્ઘ કથાકૃતિઓ; 'અરવિન્દકુમાર' અને 'માધુરી' એ બે નાટકો; આચાર્ય પરાશર ભટ્ટાર્યની સંસ્કૃત પુસ્તિકાનો 'શ્રીગુણરત્નકોશ' નામે અનુવાદ, 'યાદવાભ્યુદય'ના ત્રણ સર્ગનું સટીક ભાષાંતર, રોબર્ટ બ્રાઉનિંગના 'Saul' કાવ્યનું 'દિવ્ય મેષ પાલ બાલ' શીર્ષકથી રસાળ ભાષાંતર તથા મિસિસ બ્રાઉનિંગ, વર્ડ્ઝવર્થ, શેલી, સાઉધી વગેરે અનેક ઉત્કૃષ્ટ અંગ્રેજ કવિઓની કવિતાના ગુજરાતી અનુવાદ મળ્યા છે. આ કાવ્યાનુવાદોનો સમાવેશ એમના મરણોત્તર પ્રકાશિત થયેલા કાવ્યસંગ્રહ 'હૃદય-ઝરણાં'માં થયો છે. સૌ. સુમતિ મહેતાના અવસાન પછી એક જ પુસ્તક રૂપે પ્રકાશિત થયેલી 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૧ અને 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૨ની સંકલિત આવૃત્તિની પ્રસ્તાવનામાં દેવયાનીબહેન દેસાઈએ લખ્યું છે તેમ –

'જે જમાનામાં તેઓ જન્મ્યાં, જીવ્યાં, તે જમાનામાં આવી પ્રતિભાસંપન્ન કવયિત્રી જવલ્લે જ નીપજે ! ઈશ્વરે એમને લાંબું આયુષ્ય આપ્યું હોત તો તેમની અદ્‌ભુત શક્તિ અને સામર્થ્યનો વધારે પરિચય સાહિત્યરસિકોને મળ્યો હોત...'

ઈશ્વરદત્ત કવિત્વશક્તિ ધરાવતાં સૌ. સુમતિના ઘડતરમાં એમના સંસ્કારી અને સાહિત્યિક રુચિ ધરાવતા કૌટુંબિક પરિવેશનો મોટો ફાળો હતો. તેઓ રા. બ. ભોળાનાથ સારાભાઈનાં પૌત્રી સત્યવતીનાં પુત્રી હતાં અને અર્થકીર્તિસંપન્ન સર લલ્લુભાઈ શામળદાસના કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. વિદ્યાગૌરી નીલકંઠ 'ફોરમ'માં લખે છે તેમ – 'સૌ. સુમતિના પિતાના કુટુંબનું વાતાવરણ પણ સંસ્કારી હોવાથી તેમને નવું નવું વાંચી તેમાંથી જે વિષય તરફ પોતાનું વલણ હોય તે વિષયનું જ્ઞાન મેળવવાની સુભગ તક મળી ને એમની તીવ્ર બુદ્ધિએ એ તક ઝડપી લીધી...' એમનો શાલેય અભ્યાસ વધારે ન હતો પરંતુ પિતા અને તેમના વિદ્વાન મિત્રો દ્વારા સાંપડેલી જ્ઞાનાર્જનની તકનો એમણે પૂરો ઉપયોગ કર્યો હતો. અંગ્રેજી અને સંસ્કૃતનો એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. આ ભાષાના ઉત્તમ સાહિત્યના વાંચને પણ એમની સર્જકતાને સંકોરવામાં ફાળો આપ્યો હતો. એમના આ ઘડતરમાં ગોપાળકૃષ્ણ ગોખલે, બરજોરજી પાદશાહ, અનંતપ્રસાદ વૈષ્ણવ તથા ભાસ્કરરાવનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. વેદવેદાંત, ઉપનિષદ અને ગીતાના અભ્યાસે સૌ. સુમતિની જીવનદૃષ્ટિને કેળવી એટલું જ નહીં, અનેક વ્યાધિઓથી ગ્રસ્ત શરીરની મનોદૈહિક પીડાઓમાં 'મારું ઔષધ અને વૈદ્ય બંને પ્રભુ જ છે.' એવી ધૃતિ જન્માવી. જે સમયખંડમાં સૌ. સુમતિનો જન્મ થયો હતો એ સમયમાં આવી ઈશશ્રદ્ધા સ્વાભાવિક છે; પરંતુ મૂળભૂત રીતે તેઓ સર્જક હતાં. તેથી મનોદૈહિક પીડાઓ સામે ટકવાનું સાચું બળ તો એમને સાંપડ્યું હતું પોતાની શબ્દસાધનામાંથી. કુમળી વયે અનેક વ્યાધિઓનો ભોગ બનેલાં સૌ. સુમતિએ દેહની સીમાઓને અતિક્રમી જઈને, ચિત્તને સર્જનવ્યાપારમાં પ્રવૃત્ત કર્યું અને મૃત્યુને જીતી ગયાં, અ-ક્ષર બન્યાં. કાવ્યોમાં ઝિલાયેલાં એમના ચિત્તવ્યાપાર અને કલાભિવ્યક્તિની સદૃષ્ટાંત વિચારણા કરવાનો ઉપક્રમ છે.

'પ્રભુ-પ્રસાદી', 'હૃદય-ઝરણાં' અને 'વસન્ત' વગેરે સામયિકોનાં પાને સચવાયેલી સૌ. સુમતિની કવિતામાં અભિવ્યક્ત સંવેદનવિશ્વમાં મુખ્યત્વે ભક્તિભાવ, સ્વજનપ્રીતિ, પ્રણયભાવ અને રુગ્ણાવસ્થાની પીડાનો પરિચય મળે છે. 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૧ ઈ. સ. ૧૯૦૮માં તૈયાર થયો હતો અને ઈ. સ. ૧૯૦૯માં પ્રકાશિત થયો હતો. આ સંગ્રહનાં કેટલાંક કાવ્યો દક્ષિણની મુસાફરી દરમિયાન બીમાર સુમતિબહેને ડોલીમાં બેઠાં બેઠાં લખ્યાં હોવાનો ઉલ્લેખ પણ મળે છે. ઈશ-આરાધનાનાં આ કાવ્યોને વ્યાપક આવકાર

મળતાં સુમતિબહેન ઈ. સ. ૧૯૧૦માં 'પ્રભુ-પ્રસાદી' ભાગ-૨ આપે છે. આ બંને સંગ્રહનાં કાવ્યોમાં સુમતિબહેને પોતાને 'દીન બાળા' તરીકે ઓળખાવ્યાં છે. બીજા ભાગની સંક્ષિપ્ત પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે કે –

'દીન બાળાના દીન પુકાર, દીન પદ અને દીન ભાવ એ જ માત્ર આ દીન લઘુ પુસ્તકમાં સમાયેલ છે, તેનો સત્યકર્તા – લેખક – વૃત્તિ પ્રકટ કરનાર પ્રભુ છે...'

આ નિવેદનમાં મધ્યકાલીન ભક્તિ-પરંપરાનું સીધું અનુસંધાન જોઈ શકાય છે. એમની કાવ્યસૃષ્ટિનો મોટો ભાગ આ ભક્તિ-પરંપરા રોકે છે એવું પ્રથમ દૃષ્ટિએ જણાય, પરંતુ પરંપરિત જણાતાં આ કાવ્યોમાં પણ કવયિત્રીની વૈયક્તિક સંવેદના, કલ્પનાશીલતા અને નૂતન ભાષા-સામર્થ્યની એક સ્પષ્ટ અને નોખી આંતરસેર ગૂંથાયેલી અનુભવી શકાય છે. 'વહાલા વેંકટેશ માગું, આપો મતિ એવી રે / આપો મતિ એવી રહે દિલે દૃઢ તેવી રે.' અથવા 'સેવા હવે ચહું છું નિત્યે વહાલા વેંકટ તારી રે / નામો ગુણો સુણીને મુજને સેવા લાગી પ્યારી રે' જેવી મધ્યકાલીન ભક્તિ-પરંપરા સાથે સીધું અનુસંધાન ધરાવતી આ કવિતાઓ વચ્ચે કવયિત્રીની સૌંદર્યદૃષ્ટિની સુખદ ઝલક પણ સાંપડે છે.

સૌ. સુમતિની કવિતાનું વિવેચન કરતાં હીરાબહેન પાઠકે નોંધ્યું છે કે –

'તેમની ઋજુ કાવ્યરચનામાં સ્વ. સુમતિ ઊંચા કલાકારને છાજે તેવી સંકુલ રચનાની કુશળતા સાધી શક્યાં નથી...'

– એ મર્યાદા સ્વીકાર્યા પછી પણ કહેવું પડે કે અતિઅલ્પ આયુષ્યમર્યાદામાં સૌ. સુમતિએ રચેલાં કાવ્યોમાં દૃષ્ટિગોચર થતી વર્ણનકલા, કલ્પનાના રંગો, છંદોવૈવિધ્ય, લયાત્મકતા અને ચિંતનનું ઊંડાણ એમનામાં રહેલી ઊંચી કોટિની સર્જકતાની ઝાંખી કરાવે છે. નરસિંહરાવ દિવેટિયા કહે છે તેમ – 'એમ નથી સમજવાનું કે કલાવિધાનનો સર્વાંશે સુમતિની રચનામાં ત્યાગ થયો છે. એ ત્યાગ માત્ર કવિતાનાં ગૌણ અંગ ભાષા, છન્દ, શબ્દરવ, અર્થાલઙ્કાર ઇત્યાદિને સંબંધે જ થયો છે; મુખ્ય અંગ કવિત્વકલ્પના તેમાં તો, કેટલાંક કાવ્યોમાં સરલગામિની શૈલી નજરે પડે છે, તો કેટલાંકમાં કલાવિધાન, નિસર્ગસિદ્ધ કવિત્વશક્તિને બળે આપોઆપ પ્રગટ થયું છે.'

અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ શબ્દસાધના વડે પોતાની આત્મજ્યોતને જ્વલંત બનાવનાર આ કવયિત્રીની કવિતા તત્કાલીન સાહિત્યિક પરિપ્રેક્ષ્યનો વિસ્મૃત પણ મૂલ્યવાન અંશ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય !

**– ઉષા ઉપાધ્યાય**

*(સુમતિ-સર્જન ગ્રંથાવલિ - ૩ : 'કવિતા'ની પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને)*

# અંતિમ આદર

૧૯૨૧માં રીઢા અને ખતરનાક હત્યારાઓ તેમજ નિર્દય ગુનેગારો ધરાવતી સિંગ સિંગ નામની જેલમાં લેવિસની વૉર્ડન તરીકે નિમણૂક થઈ. ત્યારે એની પત્ની કેથરિન અને એનાં ત્રણ બાળકો આ અત્યંત ભયાવહ જેલની નજીક વસવા આવ્યાં. કેથરિનને એ સમયે ત્રણ નાનાં બાળકો હતાં. બધાએ કેથરિનને ચેતવણી આપી હતી કે એણે ભૂલથી પણ સિંગ સિંગ જેલમાં પગ ન મૂકવો. એના ખૂંખાર કેદીઓ એને મારી નાખતાં અચકાશે નહિ, પણ કેથરીન નોખી માટીની વ્યક્તિ હતી.

એણે વિચાર્યું કે મારા પતિને જેલની અને જેલવાસીઓની સંભાળ લેવાનું સોંપાયું છે તો મારે પણ એ સહુની સંભાળ લેવી જોઈએ. આથી કેથરિન પોતાનાં ત્રણે બાળકોને લઈને કેદીઓ બાસ્કેટબૉલ રમતા હોય ત્યાં આવીને બેસતી. એણે જાણ્યું કે એક સજા પામેલો ગુનેગાર અંધ છે તો એણે વહાલથી એ અંધ કેદીનો હાથ પોતાના હાથમાં લઈને પૂછ્યું,

'તમે બ્રેઇલ લિપિ વાંચી શકો છો ?'

કેદીએ વળતો સવાલ કર્યો, 'આ બ્રેઇલ લિપિ એ વળી શી ચીજ છે ?'

કેથરિને એને બ્રેઇલ લિપિ શીખવી. બીજો એક કેદી મૂક-બધિર જોયો. એને 'સાઇન-લૅંગ્વેજ'ની ખબર નહોતી. કેથરિન પોતે 'સાઇન-લૅંગ્વેજ' શીખવા માટે સ્કૂલમાં ગઈ અને સાઇન-લૅંગ્વેજ શીખીને પેલા કેદીને શિખવાડી. મૂક-બધિર કેદીને ભાષા મળી.

દુર્ભાગ્યે કેથરિનનું મોટર-અકસ્માતમાં અવસાન થયું. એ દિવસે સવારે કેદખાનાના લોખંડી દરવાજાની પાછળ જાણે કોઈ પ્રાણીઓનું મોટું ટોળું માથું નીચું રાખીને ઊભું હોય તેમ લેવિસે તમામ કેદીઓને ઊભેલા જોયા.

લેવિસ દરવાજો ખોલીને અંદર દાખલ થાય ત્યારે દરેક કેદીના ચહેરા પર દુઃખ અને શોકની ઘેરી છાયા જોઈ, કેટલાકની આંખોમાં આંસુ હતાં, તો કોઈક ડૂસકાં ભરતા હતા. કેથરિનને અંતિમ વિદાય આપવાની તેમની ઇચ્છા હતી. લેવિસે જેલનો દરવાજો ખોલ્યો.

એક પછી એક ખૂંખાર કેદીઓ બહાર નીકળ્યા. એમના પર કોઈ ચોકીપહેરો ન હતો. એ બધા જેલના દરવાજેથી પોણો માઈલ ચાલીને લેવિસના ઘરના દરવાજા પાસે આવ્યા. કેથરિનને અંતિમ વિદાય વખતે આદર આપવા કતારમાં નતમસ્તકે ઊભા રહ્યા. એ પછી દરેકે દરેક કેદી પાછા જેલમાં ગયા.

હા, એકે કેદી ઓછો થયો ન હતો.

# જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે ઑગસ્ટ મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૭ ઑગસ્ટ, ૨૦૧૧, બુધવાર** : વિષય : રૅમ્બ્રાંની ચિત્રકળા
વક્તા : શ્રી અમિતાભ મડિયા

**૨૪ ઑગસ્ટ, ૨૦૧૧, બુધવાર** : વિષય : દેશના વિકાસની જરૂરિયાત : સંચાલકો કે ઉદ્યોગસાહસિકો ?
વક્તા : ડૉ. વી. જી. પટેલ

# અન્ય કાર્યક્રમો

**◈ ૬ ઑગસ્ટ, ૨૦૧૧, શનિવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાતી સાહિત્યની કેટલીક મહત્ત્વની તેમજ ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર એવી અપ્રાપ્ય કૃતિઓનું પુનઃસંસ્કરણ કરવાની પ્રવૃત્તિનો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રારંભ કરે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રારંભ સમયે મહત્ત્વનું સાહિત્યિક પ્રદાન કરનાર શ્રીમતી સુમતિબહેન મહેતાના શતાબ્દીવર્ષ નિમિત્તે સુમતિ-સર્જન ગ્રંથાવલિ દ્વારા એમનાં દસ પુસ્તકો પ્રગટ થશે. ગ્રંથાવલિના ચાર ગ્રંથોમાં પ્રથમ ગ્રંથ 'લઘુનવલ'માં એમની ચાર લઘુનવલ, બીજા ગ્રંથ 'નાટક'માં એમનાં બે નાટકો, ત્રીજા ગ્રંથ 'કવિતા'માં એમના બે કાવ્યસંગ્રહો અને ચોથા ગ્રંથ 'પ્રકીર્ણ'માં એમની પ્રવાસકથા અને ચરિત્રનો અનુવાદ પ્રગટ થશે. આ ગ્રંથાવલિનું વિમોચન ડૉ. ધીરુભાઈ ઠાકર કરશે તેમજ અનિલા દલાલ, કુમારપાળ દેસાઈ, મહેશ ચંપકલાલ અને પ્રફુલ્લ રાવલ વક્તવ્ય આપશે તથા શ્રી પ્રિયવદન રાંદેરિયા આભારદર્શન કરશે. ત્યારબાદ શ્રી અમર ભટ્ટ અને સાથી કલાકારો સુમતિબહેન-રચિત કાવ્યોની પ્રસ્તુતિ કરશે.

**◈ ૮ ઑગસ્ટ, ૨૦૧૧, સોમવાર, સાંજના ૬-૩૦ :**

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે રવીન્દ્રનાથની પુણ્યતિથિ નિમિત્તે 'શિલાઇદહથી સ્ટૉકહોમ' (અંગ્રેજી ગીતાંજલિની નોબેલ યાત્રા) પ્રસ્તુત કરશે શ્રી નિરંજન ભગત, શ્રી સુજ્ઞા શાહ અને શ્રી શૈલેષ પારેખ.

**વાચકમિત્રોને**

છેલ્લાં બાર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ — એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | કિં. રૂ. |
|---|---|---|
| ૧. | ગાંધીચરિત (ત્રીજી આવૃત્તિ) | ૧૨૦ |
| ૨. | કૅન્સર (ચોથી આવૃત્તિ) | ૧૫૦ |
| ૩. | નાટક દેશવિદેશમાં | ૧૩૦ |
| ૪. | ભારત : પ્રતિભાઓ અને પરિદર્શન | ૫૦૦ |
| ૫. | સિદ્ધાન્તસારનું અવલોકન | ૭૦ |
| ૬. | નાટ્યતાલીમના નેપથ્યે | ૧૨૦ |
| ૭. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ) | ૪૫૦ |
| ૮. | ભૂકંપ : માહિતી અને ઘટના | ૬૦ |
| ૯. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ | ૬૦ |
| ૧૦. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | ૮૦ |
| ૧૧. | પ્રવાસી પિરામિડનો | ૨૦ |
| ૧૨. | ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક | ૪૫૦ |
| ૧૩. | લોકશાહી | ૬૦ |
| ૧૪. | જતીન્દ્ર-વિશેષ | ૨૦૦ |
| ૧૫. | ડાયનોસૉર | ૧૦૦ |
| ૧૬. | રેલવેની વિકાસગાથા | ૧૦૦ |
| ૧૭. | જનીનવિજ્ઞાન (genetics) | ૬૦ |
| ૧૮. | લોકવિદ્યા-પરિચય | ૧૦૦ |
| ૧૯. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો (બીજી આવૃત્તિ) | ૯૦ |
| ૨૦. | લિપિ | ૭૦ |
| ૨૧. | ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર | ૮૦ |
| ૨૨. | તરસ્યા મલકનો મેઘ | ૧૫૦ |
| ૨૩. | શબ્દનું સખ્ય | ૨૦૦ |

| | | કિં. રૂ. |
|---|---|---|
| ૨૪. | શહીદ વિનોદ કિનારીવાલા | ૮૦ |
| ૨૫. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | ૮૦ |
| ૨૬. | તળની બોલી | ૧૩૦ |
| ૨૭. | ગુજરાત (ત્રીજી આવૃત્તિ) | ૪૦૦ |
| ૨૮. | Gujarat | ૬૫૦ |
| ૨૯. | હસ્તપ્રતવિજ્ઞાન | ૨૦૦ |
| ૩૦. | અભિનેય નાટકો (ભાગ ૧) | ૧૫૦ |
| ૩૧. | વિશ્વકોશવિમર્શ | ૧૨૦ |
| ૩૨. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૬) | ૧૫૦ |
| ૩૩. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૭) | ૧૫૦ |
| ૩૪. | વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય | ૨૦૦ |
| ૩૫. | પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ | ૧૬૦ |
| ૩૬. | હિન્દી મહાસાગર | ૨૦૦ |
| ૩૭. | ઊર્જા | ૨૦૦ |
| ૩૮. | વસન્ત-સૂચિ | ૨૫૦ |
| ૩૯. | સત્યની મુખોમુખ | ૩૦૦ |
| ૪૦. | સંખ્યાઓની સૃષ્ટિ | ૮૦ |
| ૪૧. | જ્ઞાનાંજન-૧ | ૨૦૦ |
| ૪૨. | જ્ઞાનાંજન-૨ | ૨૫૦ |
| ૪૩. | રતિ-વિરતિ | ૧૦૦ |
| ૪૪. | કેટલાક સાહિત્યિક વિવાદો | ૨૨૦ |
| ૪૫. | રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ | ૧૨૦ |
| ૪૬. | સર સી. વી. રામન | ૧૬૦ |



કવિ શ્રી ઉમાશંકર જોશી જન્મશતાબ્દી પર્વ નિમિત્તે વ્યાખ્યાન પ્રસંગે મંચસ્થ મહાનુભાવો
સર્વશ્રી નલિની દેસાઈ, પ્રફુલ્લ રાવલ, ભોળાભાઈ પટેલ, ચંદ્રકાન્ત શેઠ અને કુમારપાળ દેસાઈ



લલિતકલા કેન્દ્ર દ્વારા આયોજિત 'કવિશ્રી ઉમાશંકર જોશીનાં
ગીતોની પ્રસ્તુતિ' સાંભળવામાં તલ્લીન શ્રોતાજનો



શ્રી ઉમાશંકર જોશીનાં કાવ્યોની સી.ડી. 'ગીતગંગોત્રી' ના લોકાર્પણ પ્રસંગે વક્તવ્ય આપતા
શ્રી ધીરુભાઈ ઠાકર, કુમારપાળ દેસાઈ, શેખર સેન અને ચંદ્રકાન્ત શેઠ

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2009-11 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2011



ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતો

# ગુજરાતી વિશ્વકોશ

## ખંડ - ૧ થી ૨૫

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો ('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૯ વિષયનાં ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય.

દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવી ગ્રંથશ્રેણી.

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતા ગ્રંથ ૧ થી ૨૫ સુધીની આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ